CIVIL SERVICES (MAIN) EXAM- 2023

**SKYC-B-GJT**

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed :* ***Three*** *Hours* | મહત્તમ ગુણ : **250**<br>*Maximum Marks :* ***250*** |

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો એક પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are* ***EIGHT*** *questions divided in* ***TWO SECTIONS****.*

*Candidate has to attempt* ***FIVE*** *questions in all.*

*Question nos.* ***1*** *and* ***5*** *are compulsory and out of the remaining, any* ***THREE*** *are to be attempted choosing at least* ***ONE*** *question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)****.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** **10×5=50**

(a) પિતાજી એવું લાવજો, જેણે જાય અમારી ભૂખ. 10

(b) વિશ્વનાથ વિશ્વેશ્વરે સાય કરી જગદીશ ચન્દ્ર ચન્દ્રાવતી વર્ણવી પ્રસન્ન ઉમયાઈશ. 10

(c) સુખી હું તેથી કોને શું ? દુઃખી હું તેથી કોને શું ?
જગતમાં કંઈ પડયા જીવ, દુઃખી કંઈ, ને સુખી કંઈક ! 10

(d) પ્રીત કરી સુખ પામવા, ઉપજ્યો ખેદ ઉચિત
પ્રીત ન કરશો કોઈ શું, પ્રીત રીત વિપરીત. 10

(e) કવિતા કરવી એવો વિચાર સ્વપ્નમાં નહિ;
પ્રથમ પ્રીતિના વૈરાગ્યના જોસ્સાથી મારું મન કવિતા તરફ ગયું. 10

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.**

(a) 'વસંતવિલાસ' – જીવન ઉલ્લાસનું કાવ્ય 20

(b) 'કાંદબરી'માં ભાલણની કથનકળા 15

(c) 'રાઈનો પર્વત'માં રાઈનું મનોમંથન 15

**Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'મારી હકીકત'માં નર્મદનું રૂઢિભંજક વ્યક્તિત્વ 20

(b) 'અખેગીતા' તત્વજ્ઞાનનો ગૌરવગ્રંથ 15

(c) 'ફાર્બસ વિરહ' – પ્રગાઢ મિત્રતાની અમરગાથા 15

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.**

(a) 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહમાં પ્રકૃતિ અને માનવભાવીનું સામ્ય-વૈષમ્ય. 20

(b) 'સરસ્વતીચંદ્ર-1' પ્રેમકથા નિમિતે સાંસ્કૃતિક કથા. 15

(c) 'સુદામા ચરિત્ર'માં કૃષ્ણ-સુદામાની સખ્યભક્તિ. 15

## SECTION B

**Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) 'સ્વપ્નોને સળગવું હોય તો બધીય સગવડ છે,
બજારના કોલાહલમાં કાષ્ઠ અને મીંઢા મૌનનો તણખો.' *10*

(b) મધ્યાહ્નની અલસ વેળ હતી પ્રશાંત ધીરે-ધીરે લસતી ગોકળગાય જેમ. *10*

(c) કાળના પાડનાર ભગવાન, તારું મૂળ જજો તે માનવીની આ દશા કરી ! *10*

(d) 'સ્વરાજ તે આપણાં મનનું રાજય છે.' *10*

(e) પ્રભુએ મને પકડયો'તો એક વાર
સંધ્યાના તડકાથી એ વૃક્ષના પડ રંગતો'તો. *10*

**Q6. સદષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર-1'માં લોકસંસ્કૃતિ *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં કવિ રાજેન્દ્ર શાહના ભાવવિશ્વની નિર-નિરાળી મુદ્રા *15*

(c) 'જનાન્તિકે'ના નિબંધોની લાક્ષણિતાઓ *15*

**Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'કાવ્યની શક્તિ' ગ્રંથને આધારે વિવેચક રા.વિ. પાઠકની વિશેષતા. *20*

(b) "હિંદુ સ્વરાજ એ ગાંધીજીને પામવાનો એક પ્રયાસ છે." – વિધાનને આધારે આજના સંદર્ભમાં તેની પ્રસ્તુતતા. *15*

(c) 'માનવીની ભવાઈ' – નવલકથામાં હૈયાની ભૂખ અને પેટનીભૂખનું આલેખન. *15*

**Q8. સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'પાટણની પ્રભુતાનું' – ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન. *20*

(b) 'સપ્તપદી'ના કાવ્યોમાં આધુનિક સૂર. *15*

(c) 'અશ્વત્થામા' નાટક – પ્રાચીન અને સાંપ્રતની નાટયોચિત ગૂંથણી. *15*